# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-02-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **નીકીતા શાહ** વાંચે છે.

**************************************************

**1)** દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને હરાવીને ભારતીય જનતા પાર્ટી 27 વર્ષ પછી ફરીથી સત્તા રૂઢ - ભાજપે 70 માંથી 48 બેઠકો જીતી.

**2)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભાજપને વિજય અપાવવા બદલ દિલ્હીના લોકોનો આભાર માન્યો; દિલ્હીમાં વિશ્વસ્તરીય શહેરી માળખાગત સુવિધાઓ પૂરી પાડવાની આપી ખાતરી.

**3)** કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ફાર્માસ્યુટિકલ ઉદ્યોગને ગુણવત્તા અને નવીનતાને પ્રાથમિકતા આપવા વિનંતી કરી.

**4)** ત્રિપુરા સરકારે શિક્ષણ, આરોગ્ય, કૃષિ અને માહિતી ટેકનોલોજી ક્ષેત્રે 87 ખાનગી રોકાણકારો સાથે રૂ. 3 હજાર 700 કરોડથી વધુના કરારો પર હસ્તાક્ષર કર્યા.

**5)** ગાઝા યુદ્ધવિરામ કરાર હેઠળ હમાસે 183 પેલેસ્ટિનિયન કેદીઓના બદલામાં વધુ ત્રણ ઇઝરાયલી બંધકોને મુક્ત કર્યા.

**6)** ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે બીજી એકદિવસીય મેચ આજે કટકના બારાબતી સ્ટેડિયમ ખાતે રમાશે.

.....................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# DELHI ELECTION RESULT

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) એ નિર્ણાયક જીત મેળવી છે, આમ આદમી પાર્ટી ને હરાવીને 27 વર્ષ પછી સત્તામાં પાછી આવી છે.

70 સભ્યોની વિધાનસભામાં ભાજપે 48 બેઠકો જીતી છે, જ્યારે આમ આદમી પાર્ટી ને 22 બેઠકો મળી છે. કોંગ્રેસ એક પણ બેઠક મેળવી શકી નથી. ભાજપના અગ્રણી વિજેતાઓમાં પરવેશ સાહિબ સિંહ, વિજેન્દ્ર ગુપ્તા, કપિલ મિશ્રા, તરવિંદર સિંહ મારવાહ અને અરવિંદર સિંહ લવલીનો સમાવેશ થાય છે.

AAP ના વિજેતાઓમાં આતિશી, સોમ દત્ત, ગોપાલ રાય, જરનૈલ સિંહ અને ઇમરાન હુસૈનનો સમાવેશ થાય છે. AAPના વરિષ્ઠ નેતાઓ અરવિંદ કેજરીવાલ, મનીષ સિસોદિયા અને સૌરભ ભારદ્વાજ, દુર્ગેશ પાઠક અને અવધ ઓઝા, કોંગ્રેસના સંદીપ દીક્ષિત અને ભાજપના રમેશ બિધુરીને હાર નો સામનો કરવો પડ્યો છે

# PM DELHI ELECTION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભાજપને વિજય અપાવવા બદલ દિલ્હીના લોકોનો આભાર માનતા કહ્યું કે, હવે દિલ્હીને વિશ્વસ્તરીય શહેરી માળખાગત સુવિધા મળશે. ગઈકાલે નવી દિલ્હીમાં પાર્ટી મુખ્યાલયમાં ભાજપ કાર્યકરોને સંબોધતા શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, NDA નો અર્થ સુશાસન અને વિકાસ છે. તેમણે કહ્યું કે, 21મી સદીમાં જન્મેલા યુવાનો હવે પહેલીવાર દિલ્હીમાં ભાજપનું સુશાસન જોશે.

# [BYTE - PM - 21મી સદી ]

પ્રધાનમંત્રીએ કહ્યું કે, દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામો ભાજપની ડબલ એન્જિન સરકારમાં દેશનો વિશ્વાસ દર્શાવે છે.

શ્રી મોદીએ સંતોષ વ્યક્ત કર્યો કે, સમાજના દરેક વર્ગે મોટી સંખ્યામાં ભાજપને મતદાન કર્યું. તેમણે નારી શક્તિને આપેલા દરેક વચનને પૂર્ણ કરવાની ખાતરી આપી

# RAHUL---POLLS

દરમિયાન દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામો પર, કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, તેમનો પક્ષ  નમ્રતાપૂર્વક દિલ્હીના જનાદેશનો સ્વીકાર કરે છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેમણે તમામ કોંગ્રેસ કાર્યકરો અને તમામ મતદારોનો સમર્થન બદલ આભાર માન્યો હતો

# AI CONFERENCE

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ પર બે દિવસીય એક્શન કોન્ફરન્સ આવતીકાલથી પેરિસમાં શરૂ થઈ રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન સાથે સંયુક્ત રીતે સમિટની અધ્યક્ષતા કરવા માટે પેરિસ જવા રવાના થઈ રહ્યા છે. આ પરિષદમાં વિશ્વભરના નેતાઓ,

ઉદ્યોગપતિઓ અને સંશોધકો ભાગ લેશે. આ પરિષદનો ઉદ્દેશ્ય નૈતિક મૂલ્યો પર આધારિત વૈશ્વિક AI નીતિ ઘડવાનો છે.

આ પરિષદમાં, 100 કરતાં વધુ દેશોના પ્રતિનિધિઓ શાસન, અર્થતંત્ર અને મૂળભૂત અધિકારો પર યાંત્રિક બુદ્ધિમત્તાની અસરો અંગે ચર્ચા કરશે. આ પરિષદમાં AI સંબંધિત વૈશ્વિક ધોરણો તૈયાર કરવાના પ્રયાસો કરવામાં આવશે.

# PIYUSH GOYEL

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ફાર્માસ્યુટિકલ ઉદ્યોગને ભારતની તબીબી પ્રગતિ પાછળના પ્રેરક બળ તરીકે પોતાને સ્થાપિત કરવા માટે ગુણવત્તા અને નવીનતાને પ્રાથમિકતા આપવા વિનંતી કરી છે.

મુંબઈમાં ભારતીય ફાર્માસ્યુટિકલ મેન્યુફેક્ચરર્સ એસોસિએશનના 63મા વાર્ષિક દિવસના કાર્યક્રમને સંબોધતા શ્રી ગોયલે કહ્યું કે, ભારતીય ફાર્માસ્યુટિકલ ઉદ્યોગે નોંધપાત્ર પ્રગતિ કરી છે પરંતુ હજુ પણ ઘણી લાંબી મજલ કાપવાની બાકી છે. તેમણે ભાર મૂક્યો કે, આ ક્ષેત્રની બધી કંપનીઓ, પછી ભલે તે નાની હોય કે મોટી, દેશને ગૌરવ અપાવવા માટે સાથે મળીને કામ કરવું જોઈએ.

તેમણે પ્રદેશના યુવા વ્યાવસાયિકો અને મહિલાઓને નેતૃત્વની ભૂમિકાઓ અપનાવવા હાકલ કરી. અને વ્યવસાય કરવાની પ્રક્રિયાઓને સરળ બનાવવા અને ઉદ્યોગની ચિંતાઓને દૂર કરવા માટે નિયમોને સરળ બનાવવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

# TRIPURA---MOUS

ત્રિપુરા સરકારે ગઈકાલે અગરતલામાં ડેસ્ટિનેશન ત્રિપુરા બિઝનેસ કોન્ક્લેવમાં શિક્ષણ, આરોગ્ય, કૃષિ અને માહિતી ટેકનોલોજી ક્ષેત્રે 87 ખાનગી રોકાણકારો સાથે રૂ. 3 હજાર 700 કરોડથી વધુના કરારો પર હસ્તાક્ષર કર્યા છે.

મીડિયા સાથે વાત કરતા, મુખ્યમંત્રી ડૉ. માણિક સાહાએ જણાવ્યું કે, રાજ્ય સરકાર, ભારત અને વિદેશની ખાનગી ક્ષેત્રની કંપનીઓને રાજ્યમાં રોકાણ કરવા માટે આકર્ષવા માટે સક્રિયપણે કામ કરી રહી છે.

તેમણે કહ્યું કે, ત્રિપુરા સરકાર કંપનીઓને અનુકૂળ વાતાવરણ પૂરું પાડવા માટે તમામ પ્રયાસો કરી રહી છે. અને રાજ્યમાં પોતાના એકમ સ્થાપવા ઇચ્છતી  કંપનીઓને 30 દિવસની અંદર મંજૂરી આપવામાં આવશે અને સબસિડીવાળા દરે વીજળી પૂરી પાડવામાં આવશે.

મુખ્યમંત્રીએ રાજ્યમાં ઉદ્યોગો સ્થાપવા માટે યોગ્ય સ્થાનો શોધવા માટે લેન્ડ બેંક યોજનાનો પણ પ્રારંભ કરાવ્યો

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

# MAHAKUMBH

પ્રયાગરાજ મહાકુંભમાં સરકારે રાષ્ટ્રીય વયોશ્રી યોજના હેઠળ 12 હજારથી વધુ વરિષ્ઠ નાગરિકો અને અપંગ લોકોને મફત સહાયક ઉપકરણો પૂરા પાડ્યા છે.

સાંભળીએ એ આ અંગે અમારા પ્રતિનિધિનો અહેવાલ......

(BYTE; DIPENDRA KUMAR)

# ISRAEL -HOSTAGE RELEASE

ગાઝા પટ્ટીમાં હમાસે ત્રણ ઇઝરાયલી બંધકોને મુક્ત કર્યા બાદ ગઇકાલે ઇઝરાયલે 183 પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કર્યા છે. મુક્ત કરાયેલા પેલેસ્ટિનિયન કેદીઓમાં 7 ઓક્ટોબર, 2023 ના રોજ હમાસ દ્વારા ઇઝરાયલ પરના હુમલા પછી વિવિધ આરોપોમાં ધરપકડ કરાયેલા વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

ગાઝા પટ્ટીમાં આંતરરાષ્ટ્રીય મધ્યસ્થી હેઠળ ગયા મહિને લાગુ કરાયેલા યુદ્ધવિરામ હેઠળ આ પગલું લેવામાં આવ્યું છે.

ઇઝરાયલી સરકારે એક નિવેદનમાં કહ્યું કે, સંઘર્ષ ઓછો કરવા માટે પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કરવામાં આવી રહ્યા છે, પરંતુ તેનો અર્થ એ નથી કે ઇઝરાયલે ગાઝા પટ્ટી અને હમાસ અંગેની તેની નીતિમાં કોઈ મોટો ફેરફાર કર્યો છે.

# CRICKET- 2ND ODI

પ્રવાસી ઇંગ્લેન્ડ અને ભારત વચ્ચે બીજી એકદિવસીય મેચનો આજથી  કટકમાં ભારતીય સમય મુજબ બપોરે દોઢ વાગે આરંભ થશે.

ઉલ્લેખનીય છે કે, ત્રણ એક દિવસીય મેચોની શ્રેણીની નાગપુરમાં રમાયેલી પહેલી ક્રિકેટ મેચમાં ભારતે વિજય મેળવીને 1-0 થી સરસાઈ મેળવી છે.

# PM-AJAY

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ડૉ. વીરેન્દ્ર કુમારે ગઈકાલે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી અનુસૂચિત જાતિ અભ્યુદય યોજના-પીએમ અજય, માટે કેન્દ્રીય સલાહકાર સમિતિની બેઠકની અધ્યક્ષતા કરી હતી.

બેઠકમાં, પીએમ અજય યોજનાની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી અને અનુસૂચિત જાતિના સામાજિક-આર્થિક ઉત્થાન માટેની વ્યૂહરચના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં રાજ્યના મંત્રીઓ, રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના અધ્યક્ષ, કેન્દ્રીય નાણાં, કૃષિ અને ખેડૂત કલ્યાણ, ગ્રામીણ વિકાસ, મહિલા અને બાળ વિકાસ મંત્રાલયો અને નીતિ આયોગના પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા.

અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ....

- આજના મોટાભાગના અખબારોએ દિલ્હીમાં 27 વર્ષ બાદ ભાજપની સરકારના સમાચારને મુખ્ય મથાળા તરીકે સ્થાન આપ્યું છે...
- દિવ્ય ભાસ્કર લખે છે કે દિલમાંથી આપ ઉતર્યું... તો ગુજરાત સમાચાર લખે છે કે 12 લાખની કમળથી શીશમહેલનો કચ્ચરઘાણ...
- સંદેશ લખે છે કે અહંકાર- અરાજકતાની આપ દામાંથી મુક્તિ- તો રાજસ્થાન પત્રિકામાં મહિલા – મધ્યમવર્ગને ખત્મ કરાયા ભાજપ કા વનવાસ..
- ફુલછાબના પ્રથમ પાના પર ટોલ ટેક્સમા રાહત આપશે મોદી સરકારના સમાચારને સ્થાન મળ્યું છે...
- સંદેશ છેલ્લા પાને લખે છે કે માધવપુરા બેંકનું 1 હજાર કરોડનું કૌંભાડ- પૂરાવાના અભાવે 21 વર્ષ બાદ એક આરોપી નિર્દોષ છુટી ગયો...
- કેનેડાને અમેરિકામાં ભેળવવાની ટ્રમ્પની યોજના વાસ્તવિક ગણાવતા ટુડ્રો- આ સમાચાર નવગુજરાત સમયના છે..
- લોક અદાલતમામ 4500થી વધુ કેસોનો નિકાલ થયો- 110 કરોડના એવોર્ડ આ સમાચાર દરેક અખબારમાં છે...